ક્રિમ.કેસ નં.૫૬૭૮/૨૦૧૫

**−:: આંક: ૧ લગત હુકમ::−**

સદરહુ ચાર્જશીટ આ કામે ચાર્જશીટ મુજબનું પોલીસ ચલણનું અને સમન્સ સમરી ટ્રાયેબલ ગુન્હાનું છે. સદર કેસ જુનો છે. આરોપીને વારંવાર પ્રોસેસો કાઢી પોલીસ એજન્સી મારફત બજવણી અર્થે મોકલવા છતાં સદર પ્રોસેસની બજવણી કરાવી આરોપીને હાજર રખાવી કેસની ઈનસાફી કાર્યવાહી આગળ ચલાવવામાં ફરીયાદ પક્ષ નીષ્ફળ ગયેલ છે. ફરીયાદપક્ષે આરોપીને પ્રોસેસ બજવણી કરવામાં સતત નીષ્કાળજી દાખવેલ છે જેને કારણે સદર કેસ સહેજ પણ આગળ ચલાવી શકેલ નથી. લાંબા ગાળાથી નીકાલ બાકી રહેલ છે. જેથી મુલચંદ મોતીલાલ રાકા વી. મહારાષ્ટ રાજય ૧૯૯૬(૨) ક્રાઈમ્સ ૧૭૭ (બોમ્બે) તથા શેખ એહમદ હુસેન મહારાષ્ટ રાજય, ૧૯૯૧ ક્રી.લો.જ.૨૩૦૩ બોમ્બેનો ચુકાદાઓમાં સ્થાપિત થયેલ સિદ્ધાંતો તથા તમામ હકિકત અને સંજોગોમાં સદર કેસ કીમ.પ્રોસી.કોડની કલમ: ૨૫૮ અન્વયે બંધ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**<u>હુકમ</u>**

૧. આથી સદર કેસ ક્રિમ.પ્રોસીઝર કોડ ની કલમ : ૨૫૮ અન્વયે બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

૨. વધુમાં આરોપી જયારે પણ હાજર થાય કે મળી આવે કે રજુ થાય ત્યારે ફરિયાદપક્ષ ઈચ્છે તો આરોપી સામેનો હાલનો કેસ ફરી ખોલાવી શકશે.

આજરોજ તા. ૧૧ માહે સપ્ટેમ્બર સન ૨૦૨૧ નારોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી સમજાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૯/૨૦૨૧
અમદાવાદ

..........................................

(જીજ્ઞેશ વિષ્ણુભાઈ પટેલ)
ત્રીજા એડી.સીનીયર સીવીલ જજ
(ગ્રામ્ય), મીરજાપુર, અમદાવાદ
(U.Id.code no.GJ00960)